Permitted to post at Ahd. P.S.O. on Wednesday every week Under Regd No GAMC-1473/2014-2016 issued by SSP, Ahd. Valid upto 31st December-2016

કેન્સર ● કીડની ● કીમોથેરાપી ● ટ્રાન્સપ્લાન્ટ
એચઆઈવી ● ન્યુરો ● લીવર ● ગેસ્ટ્રો ● ગાયનેક-ઈન્ફર્ટિલિટી ●
ઈમરજન્સી ● લાઈફ સેવિંગ ● આઈસીયુ ● રૂમેટોજલોજી ● ઓર્થો ●
બ્લડ પ્રોડક્ટની દવાઓ તથા ઈન્જેક્શન
Wholesale I Retail I Export I Import
Wholesale Price
(Call & Whatsapp)
9978 661661
www.svhmedint.com
We Deal
ONCOLOGY ● CHEMOTHERAPHY
NEPHROLOGY ● TRANSPLANT
VIROLOGY ● HIV ● NEUROLOGY
EMERGENCY ● ICU ● LIFE SAVING
INFERTILITY ● GYNECOLOGY
BLOOD PRODUCTS ● ORTHO
RHEUMATOLOGY ● VACCINES
100 % Genuine Medicine
Economical Rates & Fast Service
2°c to 8°c Cold Chain Maintenance
Costly Medicines & Injectables at LOW COST
Fast Delivery
Pan India Delivery
SVH MEDINT
HEALTHCARE MADE EASY
An ISO 9001 : 2015 Certified Company

દર બુધવારે અમદાવાદથી પ્રસિદ્ધ થતું એક માત્ર નીડર સાપ્તાહિક

॥ શ્રી ગણેશાય નમઃ ॥

# મિર્ચી ન્યૂઝ

MIRCHI NEWS Visit us www.mirchinews.co.in

ભગવતી કોલ ડીપો
જલાઉ કોલસા તથા અર્થીંગ માટે ભૂકી-મીઠુ મળશે
શાકમાર્કેટ કોર્નર, નવા વાડજ, અમદાવાદ-૧૩
ઓગણજ સર્કલ, એસ.પી.રીંગ રોડ, અમદાવાદ
Mo : 98257 52787, 98799 55779

વર્ષ : ૨૨ ● અંક : ૩૫ ● સળંગ અંક : ૧૧૨૩ ● પ્રકાશિત તા-૧૬-૭-૨૦૨૬,ગુરુવાર ● RNI : GUJGUJ/2004/16263 ● GAMC NO. :1473/2014-16 ● કિંમત ૧/-રૂા. ● કુલ પાના : ૪

તંત્રી : ભાર્ગવ સુંદરમ (મો) : 9924004714 ● કાર્યાલય : ડી-૯/૧૦૦, નંદનવન એપાર્ટમેન્ટ, ભાવસાર હોસ્ટેલ પાસે, નવા વાડજ, અમદાવાદ-૧૩. ● વાર્ષિક લવાજમ રૂા.૧૦૦/-

રથયાત્રાના પાવન પર્વે
આપણા વિસ્તારમાં શુભારંભ




MSH E RIDES
ELECTRIC 2 WHEELERS

OPENING SPECIAL OFFER
FREE
10 GM SILVER COIN *



AUTHORIZED DEALER OF
Haion™
A NEW ERA OF
SMART ● GREEN ● ELECTRIC IS ARRIVING

STARTING AT *
~~ONLY Rs. 68,000~~
ONLY Rs. 60,000

* OPENING OFFER ONLY FOR ONE DAY

BOOK NOW
BENIFITS TOMORROW

3 YEAR Lithium battery warranty

૨૫, એકતા ફેસ્ટીવલ, ગુજરાત હાઉસીંગ બોર્ડની ઓફિસ સામે, ૧૩૨ ફુટ રીંગ રોડ, નારણપુરા, અમદાવાદ-૧૩.
HIREN SHAH M : 9712962511, 9428738393, 8866101093

જાહેરાત માટે સંપર્ક કરો, મો : ૯૯૨૪૦૦૪૭૧૪

## વિધાર્થીઓ માટે લાઈસન્સ વિના


# શાળાઓમાં ટુ-વ્હીલર લાવવા પર સંચાલક મંડળની મનાઈ..!!

## રસ્તાપર થતાં અકસ્માતોમાં સગીરના મોતની ઘટનાઓના પગલે સંચાલક મંડળનો નિર્ણય, લાઈસન્સ હોય તેમણે પણ લેખીત મંજૂરી અને લાઈસન્સની નકલ સ્કૂલમાં જમા કરાવવી પડશે

અમદાવાદ : રાજયમાં સગીર વયના બાળકો દ્વારા લાઈસન્સ વગર ટુવ્હીલર ચલાવવાના કારણે વધતા જતા ગભીર અકસ્માતો અને મોતના કિસ્સાઓને ધ્યાને રાખીને રાજય શાળા સંચાલક મહામંડળ ટ્રસ્ટ દ્વારા એક મહત્વપુર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. મહામંડળ દ્વારા રાજયની તમામ ગ્રાન્ટેડ અને સ્વનિર્ભર શાળાઓના સંચાલકોને સત્તાવાર પત્ર પાઠવીને સગીર વિધાર્થીઓ પર શાળામાં ટુવ્હીલર લાવવા અંગેલ કડક પ્રતીબંધ મુકવાની તાકીદ કરવામાં આવી છે. આ ઉપરાંત જે વિધાર્થીઓમાં પાસે લાઈસન્સ હોય તેમણે પણ સહન લાવવા માટે વાલીની લેખીત અરજી અને લાઈસન્સની નકલ સ્કુલમાં આપવાની રહેશે. પ્રાપ્ત માહિતી અનુસાર મહામંડળના પ્રમુખ ભાસ્કર પટેલ દ્વારા રાજયના તમામ શાળા સંચાલકોને સત્તાવાર પત્ર પાઠવવામાં આવ્યો છે. જેમાં જણાવાયું છેકે, વિવિધ માધ્યમથીઅવારનવાર સમાચાર મળે છે. કે સગીર વયના બાળકો લાઈસન્સ ન હોવા છતાં ટુવ્હીલર લઈને શાળાએ આવે છે. અને રસ્તાો પર ગંભીર અકસ્માતનો ભોગ બને છે. જેમાં અકાળે મોત પણ નીપજે છે. આવી ઘટનાઓ અત્યંત ચિતાજનક અને દુખદ છે. શાળાઓ માત્ર શિક્ષણ જ નહી પરંતુ વાલીઓ અને સમાજ સાથે મળીને વિધાર્થીઓમાં શિસ્ત અને સંસ્કારના પાઠ પણ દઢ કરે છે. જેથી વિધાર્થીઓના સુરક્ષીત ઘડતરમાં શૈક્ષણીક સંસ્થાઓની મોટી ફરજ બને છે. આમ શિસ્તને લઈને જે વિધાર્થીઓને કાયદેસરના ઉમર પુરી થઈ નથી. અને જેમની પાસે ડ્રાઈવીગ લાઈસન્સ નથી તેવા વિધાર્થીઓ પર શાળામાં વાહન લાવવા અંગે સંપૂર્ણ પ્રતીબંધ રાખવાનો નિર્ણય કરાયોછે. આ ઉપરાંત જે વિધાર્થીઓ કાયદેસર લાઈસન્સ ધરાવે છે. અને વાહન લાવે છે. તેમની પાસે વાલીની લેખીત અરજી અને લાઈન્સની નકલ મેળવી શાળા દફતરે રાખવી ફરજીયાત રહેશે. આવા વિધાર્થીઓને શાળા શરૂ થવાનો અને છુટવાનો સમય નોધીને જ વાહન લાવવાની ચોકકસ મંજૂરી આપી શકાશે. આરટીઓમાં નિયમ મુજબ વયમર્યાદા અને લાઈસન્સ પ્રથાનું ચુસ્ત પાલન થાય છે. હેતુથી મહામંત્રી તમામ શાળા સંચાલકોને નમ્ર અપીલ કરી છે કે રસ્તાઓ પર વધતો જતો વાહન વ્યવહાર અને અકસ્માતો અટકાવવા આજથી જ આકરા પગલા લેવામાંઆવે. ભવીષ્યમાં આવી કોઈ અનિચ્છનીય ઘટના ન બન. અને લોકો કે તંત્ર શાળાઓને જવાબદાર ન ઠેરવે તે માટે આ નિર્ણય ખુબ જ આવશ્યક બન્યો છે. આ કડક અમલવારીથી વિધાર્થીઓનો કિમતી જીવ બચાવી શકાશે. તેમ મહામંડળનું સ્પષ્ટપણે માનવું છે. ઉલ્લેખનીય છેકે છેલ્લા ઘણા સમયથી સગીર વયના વાહનચાલકોના કારણે થતા અકસ્માતોની સંખ્યામાં ચિંતાજનક વધારો નોધાયો છે.

# રથયાત્રાની પૂર્વ સંધ્યાએ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ભગવાન જગન્નાથજીની મહાઆરતીમાં ભાગ લીધો

અમદાવાદ : ભગવાન જગન્નાથજીની ૧૪૯મી રથયાત્રાની પૂર્વ સંધ્યાએ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અમદાવાદના જગન્નાથ મંદિરે મહાઆરતીમાં સહભાગી થયા હતા.આ પ્રસંગે તેમણે રાજયના સૌ નાગરિકોની સુખાકારી અને સમૃદ્ધિ માટે પ્રભુને પ્રાર્થના કરી હતી. ભગવાન જગન્નાથજીની પરંપરાગત રથયાત્રાને લઈને સમગ્ર ગુજરાત પોલીસ તંત્ર હાઈ એલર્ટ મોડ પર આવી ગયું છે.રાજયભરમાં નીકળનારી તમામ રથયાત્રાઓ શાંતિપૂર્ણ અને ભક્તિસભર માહોલમાં સંપન્ન થાય તે માટે રાજ્ય પોલીસ વડા દ્વારા સુરક્ષા વ્યવસ્થાની સઘન સમીક્ષા કરવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે, આજે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલનો જન્મદિવસ પણ છે.



મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે અષાઢી બીજના શુભ દિવસે ભગવાન શ્રી જગન્નાથજી નગરચર્યાએ નીકળીને સર્વ સમાજને સુખ,શાંતિ, સમૃદ્ધિ અને કલ્યાણના આશીર્વાદ આપે છે. તેમણે ભગવાન જગન્નાથને દરિદ્ર નારાયણ ગણાવતા કહ્યું કે,શ્રમિકો અને વંચિતો પ્રત્યેની કરુણા અને સેવાનો સંદેશ આપતી આ રથયાત્રા ભારતીય સંસ્કૃતિના સમરસતા અને માનવતાના મૂલ્યોને વધુ સુદ્રઢ કરે છે.તેમણે કહ્યું કે,જગન્નાથજીની રથયાત્રા ગુજરાતની ગૌરવશાળી પરંપરા, સાંસ્કૃતિક વિરાસત અને સામાજિક એકતાનું પ્રતીક છે.

આ પવિત્ર અવસરે સૌએ ભાઈચારા, પરસ્પર સ્નેહ અને સામાજિક સમરસતાની ભાવના સાથે આ મહાપર્વની ઉજવણી કરવાની પણ મુખ્યમંત્રીએ અપીલ કરી હતી. વડાપ્રધાન મોદીએ આપેલા 'સૌનો સાથ, સૌનો વિકાસ, સૌનો વિશ્વાસ અને સૌનો પ્રયાસ'ના મંત્રને આત્મસાત કરીને આપણે સૌ મળીને એક સમૃદ્ધ, સુખી અને વિકસિત ગુજરાતના નિર્માણમાં સહભાગી બનીએ તેવો અનુરોધ પણ મુખ્યમંત્રીએ કર્યો હતો. મુખ્યમંત્રીએ રાજયમાં સુખ, શાંતિ, સમૃદ્ધિ અને સર્વાંગી વિકાસનું વાતાવરણ વધુ સુદૃઢ બને તેમજ દરેક નાગરિકના જીવનમાં સુખ-સમૃદ્ધિનો સંચાર થાય તે માટે ભગવાન જગન્નાથજીના ચરણોમાં પ્રાર્થના કરી હતી.

જગન્નાથપુરી બાદ દેશની સૌથી મોટી ભગવાન જગન્નાથજીની ૧૪૯મી ઐતિહાસિક અને પૌરાણિક રથયાત્રા આજે ૧૬ જુલાઈ ગુરૂવારના રોજ અમદાવાદમાં નીકળશે. ભગવાન ભક્તોને દર્શન આપવા નગરચર્યાએ નીકળશે. સવારે ૪ વાગ્યે ભગવાનની મંગળા આરતી થશે જેમાં કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી અમિત શાહ હાજર રહેશે. ત્યાર બાદ સવારે ૭ વાગ્યે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ પરંપરાગત 'પહિંદ' વિધિ કરી રથયાત્રાને પ્રસ્થાન કરાવશે.

મિર્ચી ન્યૂઝને ઓનલાઈન જોવા માટે
મિર્ચી ન્યૂઝ ફેસબુક www.facebook.com/mirchinews1 સર્ચ કરી લાઈક કરો અને પ્લે સ્ટોર પર mirchinewsને સર્ચ કરી મિર્ચી ન્યૂઝની એપ ડાઉનલોડ કરવા દરેક વાંચકમિત્રોને નમ્ર વિનંતી


શું આપ આપના બાળકને
ગુજરાતી માધ્યમમાં ભણાવવાની સાથે
અંગ્રેજી માધ્યમની સમકક્ષ અભ્યાસ કરાવવા માંગો છો...?
શાળાની મુલાકાત લેશો જી....



અક્ષર
પ્રાથમિક શાળા
શ્રીનગર સોસાયટી, સ્વામીનારાયણ મંદિર પાછળ, નવા વાડજ, અમદાવાદ.
ADMISSION OPEN
નર્સરીમાં બીજા સત્રમાં એડમીશન માટે ઓફિસનો સંપર્ક કરો

ઉત્તરાયણ નિમિત્તે ઉંધીંયુ અને જલેબી મળશે



વિસ્તારમાં એકમાત્ર અદ્યતન શો-રૂમ
૨૦ વર્ષથી જુના અને જાણીતા
અશોક નમકીન ભંડાર
ચીકી, લીલવાની કચોરી, તલના લાડુ અને મમરાના લાડુ
નમકીન ૪૦૦ થી વધારે વેરાઈટીઝમાં તાજુ તેમજ ૧૦૦% શુધ્ધ તથા વ્યાજબી ભાવે મળશે
સ્વાગત એપાર્ટમેન્ટ, ભાવસાર સોસાયટીની બાજુમાં, સ્વસ્તિક સ્કુલ રોડ, નવા વાડજ, અમદાવાદ.મો : ૯૮૨૪૧૪૧૯૧૭

100% PURE VEG
PURE VEG. & A/c.
સ્વાદસભર પોષ્ટીક આહારની રમઝટ માણવા
ફોન : ૨૭૬૪૧૩૬૪, મો : ૯૯૨૪૫૯૯૫૯૫



અમરસિંહની
લક્ષ્મી વિજય હોટલ
પંજાબી, ચાઈનીઝ એન્ડ સાઉથ ઈન્ડિયન
રોનક પાર્ક સોસાયટીની સામે, નવા વાડજ રોડ, અખબારનગર સર્કલ પાસે, નવા વાડજ, અમદાવાદ-૧૩.

## મિલકત ખરીદ-વેચાણના નિયમોમાં મોટા ફેરફાર

# ગુજરાતમાં 'અશાંતધારો' હવે 'સ્પેસિફાઈડ એરિયા' તરીકે ઓળખાશે

### વર્ષોથી જાણીતા 'અશાંતધારા' કાયદાને લઈને સરકારે વિસ્તૃત નિયમો સાથેનું નવું નોટિફિકેશન

ગુજરાતમાં મિલકત ટ્રાન્સફર અને ખરીદ-વેચાણના નિયમોને વધુ પારદર્શક અને કડક બનાવવા માટે રાજ્ય સરકારે એક ઐતિહાસિક અને મોટો નિર્ણય લીધો છે. વર્ષોથી જાણીતા 'અશાંતધારા' કાયદાને લઈને સરકારે વિસ્તૃત નિયમો સાથેનું નવું નોટિફિકેશન બહાર પાડ્યું છે. આ નવા નિયમો મુજબ હવે કાયદાકીય પ્રક્રિયામાં 'અશાંતધારા' શબ્દના સ્થાને 'સ્પેસિફાઈડ એરિયા' એટલે કે નિયત અથવા વિશિષ્ટ વિસ્તાર શબ્દનો સત્તાવાર ઉપયોગ કરવામાં આવશે.

નવા નોટિફિકેશન મુજબ હવે રાજ્યમાં એક મોનિટરિંગ એન્ડ એડવાઈઝરી કમિટીની રચના કરવામાં આવશે. આ કમિટીની સલાહ અને ભલામણના આધારે જ કોઈપણ વિસ્તારને 'સ્પેસિફાઈડ એરિયા' (વિશિષ્ટ વિસ્તાર) જાહેર કરવામાં આવશે. આ ઉપરાંત આ કાયદા અંતર્ગત ભોગ બનનાર વ્યક્તિ માટે 'પર્સન અગ્રીવડ' (પીડિત વ્યક્તિ) શબ્દપ્રયોગ નક્કી કરાયો છે. જે વિસ્તારોમાં સામૂહિક સ્થળાંતરની સંભાવના હશે, તેને પણ સ્પેસિફાઈડ એરિયા જાહેર કરી શકાશે.

વિશિષ્ટ વિસ્તારોમાં મિલકતના ખરીદ-વેચાણ કે ટ્રાન્સફર બાબતે હવે સીધી કલેક્ટર કક્ષાએ ઊંડાણપૂર્વકની તપાસ કરવામાં આવશે. કોઈપણ વિસ્તારમાં કોમી તણાવ કે શાંતિ ભંગની સ્થિતિ સર્જાઈ હોય, તો ત્યાં તપાસ કર્યા બાદ જ મિલકત વેચાણની અંતિમ મંજૂરી આપવામાં આવશે. આ તપાસ પ્રક્રિયા માટે ખાસ સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ (SIT)ની રચના કરવામાં આવશે.

જો કોઈ મિલકત ગેરકાયદેસર રીતે ટ્રાન્સફર કરવામાં આવી હોવાનું તપાસમાં બહાર આવશે, તો તે ટ્રાન્સફરને તાત્કાલિક અસરથી રદ કરી દેવામાં આવશે. આ સાથે જ આવા કિસ્સાઓમાં આગામી ૬ મહિનાની અંદર જ રકમ પરત ચૂકવીને મૂળ માલિકને મિલકતનો કબજો પરત સોંપવાનો કડક નિયમ પણ નોટિફિકેશનમાં જાહેર કરવામાં આવ્યો છે. સરકારના આ પગલાથી જમીન માફિયાઓ અને ગેરકાયદે સોદા કરનારાઓ પર મોટી લગામ કસાશે.

# ૧૬ વર્ષથી નાના વિદ્યાર્થીઓ માટે સોશિયલ મીડિયા-એઆઈના ઉપયોગ પર નિયંત્રણની તૈયારી

### ગુજરાત સરકાર પણ રાજ્યની શાળાઓમાં વિદ્યાર્થીઓ માટે સોશિયલ મીડિયા તથા આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સના ઉપયોગને નિયંત્રિત કરવા માટે નીતિનો પ્રારંભિક ડ્રાફ્ટ તૈયાર કરવાની પ્રક્રિયા શરૂ કરી

અમદાવાદ : રાજ્ય સરકારના વરિષ્ઠ અધિકારીઓએ જણાવ્યું હતું કે વિદ્યાર્થીઓમાં વધતા સ્ક્રીન ટાઈમ અને AI પર વધતી નિર્ભરતા તેમના માનસિક તેમજ શૈક્ષણિક વિકાસને અસર કરી રહી હોવાની ચિંતાને ધ્યાનમાં રાખીને આ કવાયત શરૂ કરવામાં આવી છે. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ તાજેતરમાં ઓસ્ટ્રેલિયાના ૧૬ વર્ષથી ઓછી વયનાં બાળકો માટે સોશિયલ મીડિયા પર પ્રતિબંધના નિર્ણયને સમર્થન આપ્યા બાદ ગુજરાત સરકાર પણ રાજ્યની શાળાઓમાં વિદ્યાર્થીઓ માટે સોશિયલ મીડિયા તથા આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સના ઉપયોગને નિયંત્રિત કરવા માટે નીતિનો પ્રારંભિક ડ્રાફ્ટ તૈયાર કરવાની પ્રક્રિયા શરૂ કરી છે. રાજ્ય સરકારના વરિષ્ઠ અધિકારીઓએ જણાવ્યું હતું કે વિદ્યાર્થીઓમાં વધતા સ્ક્રીન ટાઈમ અને એઆઈ પર વધતી નિર્ભરતા તેમના માનસિક તેમજ શૈક્ષણિક વિકાસને અસર કરી રહી હોવાની ચિંતાને ધ્યાનમાં રાખીને આ કવાયત હાથ ધરવામાં આવી છે. અધિકારીઓના જણાવ્યા મુજબ સરકારની વિચારણા માત્ર સોશિયલ મીડિયા પૂરતી મર્યાદિત નથી. બાળકોમાં સોશિયલ મીડિયાના વધુ પડતા ઉપયોગથી માનસિક સ્વાસ્થ્ય, એકાગ્રતા અને વર્તન પર થતી નકારાત્મક અસરો અંગે અનેક અભ્યાસ થઈ ચૂક્યા છે. તેની સાથે હવે વિદ્યાર્થીઓમાં છૈં આધારિત સાધનો પર વધતી નિર્ભરતા પણ સરકારની ચિંતાનો વિષય બની છે. સરકારી સૂત્રોના જણાવ્યા મુજબ એઆઈનો અતિશય ઉપયોગ વિદ્યાર્થીઓની સ્વતંત્ર રીતે વિચારવાની, તર્ક કરવાની અને સમસ્યાઓ ઉકેલવાની ક્ષમતાને અસર કરી રહ્યો છે. તેથી, તે મુદ્દાનો પણ માર્ગદર્શિકા તૈયાર કરતી વખતે વિસ્તારથી અભ્યાસ કરવામાં આવશે. અધિકારીઓએ સ્પષ્ટ કર્યું છે કે આવા નિયંત્રણોના અમલીકરણમાં અનેક પડકારો છે. ખાસ કરીને ઘરે કોઈ વ્યક્તિગત મોબાઈલ અથવા અન્ય ઉપકરણ પર સોશિયલ મીડિયા બાળકો વાપરી રહ્યું છે કે પુખ્ત વ્યક્તિ, તેની અસરકારક દેખરેખ રાખવી સરળ નથી. તેથી અમલીકરણ માટેના તંત્ર અંગે ખૂબ જ વિચારપૂર્વક નિર્ણય લેવો પડશે.

## માતાજીના દર્શનનો સમય બદલાયો

# અષાઢ સુદ બીજથી અંબાજી મંદિરનું નવું ટાઈમટેબલ

પ્રસિદ્ધ શક્તિપીઠ અંબાજી ખાતે દર્શનાર્થે આવતા માઈભક્તો માટે એક મહત્ત્વના સમાચાર આવ્યા છે. શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટ દ્વારા ઋતુ અનુસાર અને ભક્તોની સુવિધાને ધ્યાનમાં રાખીને આવતીકાલથી મંદિરની આરતી તેમજ દર્શનના સમયમાં ફેરફાર કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

અષાઢ સુદ બીજ, રથયાત્રાના દિવસથી નવો સમય અમલમાં આવશે

ટ્રસ્ટના મુખ્ય પૂજારીના જણાવ્યા અનુસાર યાત્રાળુઓની વધતી સંખ્યા અને ઋતુ પરિવર્તનને જોતાં નવું ટાઈમટેબલ આગામી ગુરુવાર, ૧૬ જુલાઈ ૨૦૨૬ એટલે કે અષાઢ સુદ બીજના પાવન અવસરથી અમલમાં મૂકવામાં આવશે. ભક્તોને મુશ્કેલી ન પડે તે માટે દેવસ્થાન ટ્રસ્ટે અગાઉથી જ નવી યાદી જાહેર કરી દીધી છે.

દર્શન અને આરતીનું નવું ટાઈમટેબલ:

નવી વ્યવસ્થા મુજબ ભક્તો હવે **નીચે આપેલા સમય અનુસાર દર્શન કરી શકશે:**

**સવારની આરતી: ૦૭:૦૦ થી ૦૮:૦૦ વાગ્યા સુધી**

**સવારના દર્શન: ૦૮:૦૦ થી ૧૧:૩૦ વાગ્યા સુધી**

**મંદિર મંગળ (બંધ): ૧૧:૩૦ થી ૧૨:૦૦ વાગ્યા સુધી**

**રાજભોગનો સમય: ૧૨:૦૦ થી ૧૨:૩૦ વાગ્યા સુધી**

**બપોરના દર્શન: ૧૨:૩૦ થી ૦૪:૩૦ વાગ્યા સુધી**

**સાંજની આરતી: ૦૭:૦૦ થી ૦૭:૩૦ વાગ્યા સુધી**

**રાત્રિ દર્શન: ૦૭:૩૦ થી રાત્રે ૦૯:૦૦ વાગ્યા સુધી**

શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટ દ્વારા તમામ શ્રદ્ધાળુઓને વિનંતી કરવામાં આવી છે કે તેઓ અંબાજી આવતા પહેલાં આ નવી સમયપત્રકની ખાસ નોંધ લે અને તે મુજબ જ પોતાના દર્શનનું આયોજન કરે.

# ગોતા ટ્રાફિક ચોકી ખાતે ઈ-મેમોની રકમ ભરાવવા પોલીસનો પ્રયોગ

અમદાવાદ : ટ્રાફીક નિયમોનો ભંગ કરનાર વાહનચાલકોને ઈ-મેમો મળ્યા બાદ મોટાભાગના લોકો દંડની ભરપાઈ કરતા નથી. આથી વાહન ચાલકે સરળતાથી દંડ ભરી શકે છે. તે માટે એસજી હાઈવે પર આવેલી ગોતા બીટ પોલીસ ચોકી પર દંડ ભરવાની સુવિધા શરૂ કરાઈ છે. પ્રાયોગીક ધોરણે લેવાયેલા આ પગલાની સફળતા બાદ પોલીસ સ્ટેશનોની તમામ ચોકી પર આ વ્યવસ્થા લાગુ કરવામાં આવશે. ટ્રાફીકના નિયમોનું પાલન ન કરતા લોકોને સ્પીકીગના કે સીસીટીવી કેમેરશાથીના માધ્યમથી દંડ ફટકારવામાં આવે છે. પરંતુ શહેરના વાહનચાલકોને ઈ-મેમો મળ્યા બાદ તેની વસુલાતની આંકડો ખુબજ ઓછો છે. બીજીતરફ લોકો મેમો મળ્યા બાદ તેની ભરપાઈ ન કરતા હોવાથી લોકોની નિયમો પાળવા બાબતે ગંભીરતા રહેતી નથી. લોકોમાં નિયમો પાળવાની અસર થાય તે માટે ટ્રાફીક પોલીસે નવો પ્રયોગ શરૂ કર્યો છે. ગોતા ટ્રાફીક બીટ ચોકી ખાતે દંડ વસુલાતનું કેન્દ્ર શરૂ કરવામાં આવ્યું છે. જે વાહનચાલકો હાલ પકડાય તેના પેન્ડીગ ઈ-મેમોની ચકાસણી કરીને તેમની પાસે પોલીસે દંડ વસુલાત શરૂ કરી છે. ઉલ્લેખનીય છેકે શહેરમાં છેલ્લા ત્રણ વર્ષમાં કુલ ૬૩.૪૭ લાખ વાહનચાલકોને રૂા.૪૨૮ કરોડનો દંડ ફટકારવામાં આવ્યો છે. જેની સામે આશરે માત્ર ૧૭ ટકા દંડની જ વસુલાત થઈ રહીછે. વાહન ચાલકે ટ્રાફીકના નિયમોનું પાલન કરે છે. અને સમયસર દંડ ભરે તે માટે પોલીસે આ નવો પ્રયોગ શરૂ કર્યો છે. ઉલ્લેખનીય છે કે શહેરમાં છેલ્લા ત્રણ વર્ષમાં કુલ ૪૮.૬૨ લાખ વાહનચાલકોને રૂા.૩૪૧.૮૪ કરોડનો દંડ ફટકારાયો છે. જેની સામે ૮.૬૯ોલાખ લોકોએ માત્ર ૬૧.૩૨ કરોડની એટલે કે માત્ર ૧૮ ટકા દંડની જ વસુલાત થઈ શકી છે. વાહન ચાલકો ટ્રાફીકના નિયમોનું પાલન કરે અને સમયસર દંડ ભરે તે માટે પોલીસે આ નવો પ્રયોગ શરૂ કર્યા છે.



# અમદાવાદની આંગણવાડીમાં છેલ્લા પાંચ વર્ષથી આરઓ મશીન બંધ!

## અનેક આંગણવાડીઓમાં પાણીની ટાંકીઓ છે તે પણ

## સમયસર સાફ કરાવાતી નથી : પાણીજન્ય રોગચાળાનો ભય


અમદાવાદ : કુપોષણના મામલે ગુજરાત રાજયનુ નામ ચગ્યા બાદ અમદાવાદ સહિત રાજયભરની સ્લમ વસતિમાં ગરીબ બાળકો અને સગર્ભા મહિલાઓને પોષણયુક્ત આહાર આપવા સહિતની દરકાર લેવા માટે લાખો કરોડો રૂપિયાનાં ખર્ચે આંગણવાડીઓ બનાવવામાં આવી છે, પરંતુ અમદાવાદ શહેરની આંગણવાડીઓમાં લગાવાયેલાં પાણી શુદ્ધ કરવાના આર.ઓ. મશીન જ પાંચ વર્ષથી બંધ હાલતમાં પડ્યા છે અને પાણીની ટાંકીઓ પણ સમયસર સાફ થતી નથી તેવો ધડાકો મ્યુનિ.ની મહિલા અને બાળ વિકાસ કલ્યાણ કમિટીની બેઠકમાં થવા પામ્યો છે.મ્યુનિ.ની મહિલા અને બાળ વિકાસ કલ્યાણ કમિટીની પ્રથમ જ બેઠકમાં ચેરમેન ડિમ્પલ વરિન્દાની તથા અન્ય સભ્યોએ શહેરમાં કેટલી આંગણવાડી, તેના સંચાલન અને પોષણયુક્ત આહાર, તેની વ્યવસ્થા, પાણી, ટોયલેટ વગેરે બાબતોની પૃચ્છા કરી જાણકારી મેળવી હતી. તેમાં એવી ચોંકાવનારી માહિતી બહાર આવી હતી.રિપોર્ટ મુજબ, કમિટીની બેઠક બાદ મહિલા ચેરમેને કહ્યું કે, શહેરનાં જુદા જુદા વિસ્તારોમાં કુપોષણ ડામવા માટે ૨૧૨૮ આંગણવાડી કાર્યરત છે. જ્યાં પીવાનુ શુદ્ધ પાણી પૂરૂ પાડવા માટે રાજ્ય સરકાર દ્વારા સને ૨૦૧૭-૧૮માં ત્રણ વર્ષની મેઇન્ટેનન્સની જોગવાઇ સાથે આર.ઓ. મશીન પૂરા પાડવાનો કોન્ટ્રાક્ટ કોઇ એજન્સીને આપવામાં આવ્યો હતો. જોકે આ કોન્ટ્રાક્ટ તો વર્ષ ૨૦૨૦-૨૧માં પૂરો થઇ ગયો હતો.કોન્ટ્રાક્ટ પૂરો થઇ ગયાં બાદ આંગણવાડીનુ સંચાલન કરતાં અધિકારીઓની બેદરકારીનાં કારણે નવેસરથી કોઇ કોન્ટ્રાક્ટ કરાયો નહોતો અને મશીનો પણ સર્વિસ વગેરેનાં અભાવે ખરાબ થઇ ગયાં છે. તદઉપરાંત નિયમ મુજબ ચોમાસા પહેલાં પાણીની ટાંકીઓની સફાઇ કરાવવી જરૂરી હોય છે, પરંતુ મોટાભાગની આંગણવાડીની પાણીની ટાંકી કોઇએ સાફ કરાવવાની તસ્દી લીધી નથી તે જોતાં ગરીબ વસતિનાં બાળકો તેમજ સગર્ભા મહિલાઓને પાણીજન્ય રોગચાળામાં સપડાવુ પડે તેવી સ્થિતિ સર્જાવા પામી છે.જોકે અધિકારીઓએ આ ગંભીર બેદરકારીનો સ્વીકાર કર્યો તે પછી ચેરમેને જે આંગણવાડીઓમાં જૂના બંધ આર.ઓ હોય તે કાઢી તેની જગ્યાએ નવા આર.ઓ. લગાવવા માટે દરખાસ્ત તૈયાર કરી લાવવા સૂચના આપી હતી. તદઉપરાંત નવી આંગણવાડીઓમાં કોર્પોરેટર સોશિયલ રિસ્પોન્સીબિલિટી (સીએસઆર) અંતર્ગત આર.ઓ.પ્લાન્ટ લગાવવામાં આવે છે તે માટે પણ દરખાસ્તો તૈયાર કરવા સૂચના આપી હતી. આ સિવાય ચેરમેને તમામ આંગણવાડીની પાણીની ટાંકીઓ પંદર દિવસમાં સાફ કરાવવાની નાખવાની તાકીદ કરવાની સાથે ટાંકી સફાઇનું શિડ્યૂલ બનાવી કમિટીમાં રજૂ કરવાની સૂચના આપી હતી.ચેરમેને અધિકારીઓને સુણાવતાં કહ્યું કે, આંગણવાડીઓમાં ફરજ બજાવતાં કર્મચારીઓ બાળકો અને વાલીઓ સાથે ગેરવર્તન કરતાં હોવાની ફરિયાદો વધી છે, જે કોઇ સંજોગોમાં ચલાવી લેવાશે નહીં અને દરેક આંગણવાડીમાં સીસીટીવી કેમેરા પણ લગાવવા જરૂરી બન્યા છે.




## મ્યુનિસીપલ કમીશ્નરે લોકોને પાણી-ગટરની ફરિયાદ કરવા વિભાગનું નવું સરનામું આપ્યું

અમદાવાદ : અમદાવાદના સામાન્ય નાગરીકને તેના તરફથી કરવામાં આવી ગટર કે પાણીની ફરીયાદ સમયસર ઉકેલાય એ બાબતમાં જ રસ હોય કયા વિભાગ દ્વારા તેની ફરીયાદ ઉકેલવામાં આવે છે. તેની સામે તેને કોઈ સીધો મતલબ હોતો નથી. આમ છતાં મ્યુનિસીપલ કમીશ્નરે પરીપત્ર કરી લોકોને પાણી અને ગટરનીછ ફરીયાદ માટે પબ્લીક હેલ્થ વોટર અને સુએજ મેનેજમેન્ટ સેલ વિભાગને ઉદેશીને કરવા કહયું છે. મ્યુનિસીપલ કમીશ્નર બાંછાનીધી પાની દ્વારા કરવામાં આવેલા પરીપત્ર મુજબ મ્યુનિસીપલ કોર્પોરેશનમાં સમયાંતરે હદમાં થયેલા વધારાના કારણે અમૃત પ્રોજેકટમાં સમાવીષ્ટ ગટર અને પાણીના પ્રોજેકટના અમલીકરણની વિશેષ જવાબદારી ઉભી થયેલી છે. નાગરીકોને સારી સેવા આપી શકાય અને નાગરીકોએ તેમની પાણી અને ગટરની ફરીયાદ કયા વિભાગમાં કરવાની છેતે સહેલાઈથી સમજી શકે એ માટે વોટર રિસોર્સ મેનેજમેન્ટનું નામ હવેથી પબ્લીક હેલ્થ વોટર અને સુએજ મેનેજમેન્ટ સેલ રહેશે. તમામ પત્ર વ્યવહાર પણ આ નામથી કરવાનો રહેશે.







Printed, Published and Owned by BHARGAV G. SUNDARAM and Printed at Shree Ganesh Offset, A/6, Shubh Labh Industrial Estate, Opp. Ambica Ice Factory, Tavdipura, Ahmedabad-380 004 and Published from D-25/289, Nandanvan Appartment, Bhavsar Hostel, Nava Vadaj, AHMEDABAD - 380013. Editor - BHARGAV G. SUNDARAM.